# વિદ્યા વિનયથી સંપન્ન - શોભે છે...



જે કામ કરવું હોય એ થઈ શકે જરૂર હોય છે માત્ર નિષ્ઠા, સમર્પણ અને વિનયની.

ભારત દેશના ગુજરાતમાં રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં સાંગણવા નામનું એક ગામ છે. એમાં એક સરકારી શાળા આવેલી છે. ગામની વસ્તી માત્ર 1500ની જ છે. જેમાંથી લગભગ 50% જેટલા લોકો રાજકોટ શહેરમાં વસે છે. સામાન્ય રીતે સરકારી શાળાઓની ભૌતિક સ્થિતિ અને શિક્ષણની ગુણવત્તા કેવી હોય છે એ જગજાહેર છે. આ પ્રાથમિક શાળાને જોયા પછી કોઈ પણ માણસ અચંબામાં પડી જાય. થોડી વાર તો મુલાકાતીને એમ જ લાગે કે હું કોઈ સરકારી શાળામાં નહીં પણ ખાનગી શાળામાં અને તે પણ હાઈફાઈ ખાનગી શાળામાં આવી ગયો છું.

આ પ્રાથમિક શાળામાં અત્યારે 150 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળામાં 8 રૂમ છે અને તમામ રૂમ સ્માર્ટ ક્લાસ છે. એટલે લાખો રૂપિયાના ખર્ચે દરેક ક્લાસ રૂમને ઓડિયો-વીડિયો માધ્યમથી સજ્જ કરવામાં આવ્યા છે. શાળાનું આખું કેમ્પસ વાઈફાઈથી સજ્જ છે. બાળકો અભ્યાસ માટે પાટી-પેન અને નોટબુક પેનની સાથે સાથે ટેબનો પણ ઉપયોગ કરે છે. બધી જ ટેસ્ટ ટેબ પર ચાલે છે. શાળાનાં બધાં બાળકોને ડ્રેસમાં જીન્સનું પેન્ટ અને ટી-શર્ટ આપવામાં આવે છે. સવારે પ્રાર્થનાસભામાં બાળકો જ સંચાલન કરે છે. પ્રાર્થના ગાય છે સંગીતના સૂરતાલ સાથે અને બાળકો જ વિદ્યાભ્યાસ સ્વયં કરે છે. વિવિધ માહિતીઓ આપે છે. લોકરુચિ સમાચાર આપે છે. શાળાના સ્માર્ટ ક્લાસને ઓપરેટ કરવાનું વિદ્યાર્થીઓ જાતે જ કામ કરે છે. શાળાના આખા પરિસરની સફાઈ ઊડીને તમારી આંખે વળગે એવી કરવામાં આવે છે. આ શાળામાં માત્ર ગામના જ નહીં આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ પણ ભણવા માટે આવે છે.

તમને થશે કે સરકારી શાળાને આવી આધુનિક બનાવવા માટે સરકારે બહુ મોટી ગ્રાન્ટ આપી હશે! ના ભાઈ ના, સરકારની મદદ વગર આ બધું શક્ય બન્યું છે. શાળાના આચાર્ય સુભાષભાઈ રાઠોડનો એકનો એક દીકરો બાર સાયન્સમાં અભ્યાસ કરતો હતો. સુભાષભાઈએ દીકરાના ઉચ્ચ અભ્યાસ માટે બહુ મોટી રકમ ભેગી કરી રાખી હતી. ભગવાનને કરવું એમનો દીકરો અકસ્માતમાં મૃત્યુ પામ્યો. દીકરાના અભ્યાસ માટે જમા કરેલી રકમ એમ જ પડી રહી. સુભાષભાઈએ નક્કી કર્યું કે મારી શાળાના બધાં જ દીકરાદીકરીઓ મારા જ દીકરા અને દીકરીઓ છે. એટલે એમણે ભેગી કરેલી તમામ રકમ તથા દીકરાની વીમા પોલીસીની મળેલી રકમ શાળાને દાનમાં આપી દીધી હતી અને એમાંથી શાળાને આધુનિક બનાવવાનો પ્રારંભ કર્યો. પછી તો બીજા કેટલાય દાતાઓનો સાથ સહકાર મળ્યો. સરકારે પણ જુદી જુદી યોજનામાંથી ગ્રાન્ટોની ફાળવણી કરી અને પરિણામ સ્વરૂપે આ ગામની આ સરકારી પ્રાથમિક શાળા માત્ર ગુજરાતની જ નહીં પણ સમગ્ર ભારતની પ્રથમ ડિજિટલ શાળા બની ગઈ. ખરેખર આ સરકારી શાળા મહિમા યોગ્ય છે. જીવનચારિત્રથી શોભે છે. એનું વર્તમાન સમયે આનાથી ઉત્તમ ઉદાહરણ બીજું હોય શકે નહીં. ખરેખર મહિમા યોગ્ય છે. આ શાળાએ 'વિદ્યા વિનયથી શોભે છે' એ વાતને સાર્થક કરી છે. આમ વિદ્યાનો મુખ્ય આધાર છે વિનય. વિવેકશૂન્ય, અધકચરું જ્ઞાન કે વિદ્યા માનવીને અભિમાની બનાવે છે અને વધુ ઊંડાણભરેલું જ્ઞાન, વિવેકપૂર્ણ જ્ઞાન વિનયમાં પરિવર્તન પામે છે. એટલે જ વધુ ઉચ્ચ ભણેલા વધુ વિનયી હોય છે. આ વાત આપણે એક દ્રષ્ટાંતથી સમજીએ.

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

કુમારસેન જેટલો હોંશિયાર હતો એટલો જ ગર્વિષ્ટ હતો. તેણે ગુરુદેવને જણાવ્યું, ''ગુરુદેવ, આપે મને બધી જ વિદ્યા ભણાવી છે. ખાસ કરીને યુદ્ધમાં તો મને કોઈ હરાવી શકે તેમ નથી, પણ મારી એક જ ઈચ્છા છે.'' ગુરુએ પૂછ્યું, ''બોલ બેટા, તારી શી ઈચ્છા છે?'' કુમારસેને કહ્યું કે, ''ગુરુજી મારે તમારી સાથે યુદ્ધ કરવું છે. મારી ઈચ્છા તમારે પૂર્ણ કરવી જ પડશે.'' ત્યારે ગુરુજીએ કહ્યું કે, ''અરે બેટા, હું તો હવે વૃદ્ધ થયો છું અને અશક્ત પણ છું. હું તારી સાથે કેવી રીતે યુદ્ધ કરું?'' કુમારસેનને સમજાવવા ખૂબ જ પ્રયત્નો કર્યા પણ તે માન્યો જ નહીં એટલે પંદર દિવસની મુદત પછી યુદ્ધ કરવાનું ગુરુદેવે કબૂલ કર્યું. રાજકુમાર ગુરુદેવના આશીર્વાદ લઈને મહેલે ગયો પણ ગુરુદેવ યુદ્ધની કેવી તૈયારી કરે છે તે જોવા માટે જાસૂસો રાખ્યા. તેમણે આવીને ખબર આપ્યા કે ગુરુદેવે લુહારને પચ્ચીસ ફૂટ લાંબું તલવારનું મ્યાન તૈયાર કરવા આપ્યું છે. કુમારસેને માન્યું પચ્ચીસ ફૂટ દૂરથી ગુરુદેવ મને વાર કરશે ત્યારે ત્રણ ફૂટની તલવાર શા કામની? તેણે પચ્ચીસ ફૂટ લાંબી તલવાર અને મ્યાન કરાવવા આપ્યા.

પંદર દિવસની મુદત બાદ ગુરુ-શિષ્યની જોડી સમરાંગણમાં ઊતરી. નક્કી કરેલો સમય થતાં જ ગુરુદેવ પચ્ચીસ ફૂટ લાંબા મ્યાનમાંથી ત્રણ ફૂટ લાંબી તલવાર બહાર કાઢીને વીજળીવેગે કુમારસેન તરફ ધસ્યા. કુમારસેન હજી તો પચ્ચીસ ફૂટ લાંબી તલવાર કાઢતો હતો ત્યાં તો ગુરુદેવે તેમની તલવાર તેની પર ધરી દીધી. કુમારસેનના તો મોતિયા જ મરી ગયા.

> વિવેકશૂન્ય, અધકચરું જ્ઞાન કે વિદ્યા માનવીને અભિમાની બનાવે છે. અને વધુ ઊંડાણભરેલું જ્ઞાન, વિવેકપૂર્ણ જ્ઞાન વિનયમાં પરિવર્તન પામે છે એટલે જ વધુ ઉચ્ચ ભણેલા વધુ વિનયી હોય છે

''ગુરુદેવ, તમે જીત્યા અને હું હાર્યો'' કહેતાં કુમારસેન ગુરુદેવના પગમાં જ પડી ગયો. ગુરુદેવે પિતાના વાત્સલ્યથી કહ્યું, ''બેટા, ધ્યાનમાં રાખજે. આજ સુધી મેં તને જે જે વિદ્યા શીખવી છે, તેનો છેલ્લો પણ અગત્યનો પાઠ શીખવું છું. વિદ્યાનો કદી ગર્વ ન કરતો. વિદ્યા વિનયથી જ શોભે છે.'' માનવીને વિનયી બનાવવામાં શિક્ષણક્ષેત્ર કંઈક ફાળો આપી શકે એટલે કે વિદ્યાર્થી અવસ્થામાં જ ચારિત્ય ઘડતરનું પણ શિક્ષણ આપવું ઘટે. સ્કૂલ-કોલેજમાં આ માટે વિદ્યાર્થી અવસ્થામાં જ સંસ્કાર દાખલ કરી શકાય. જો સ્કૂલમાંથી જ બાળકોને ચારિત્ર્યનું શિક્ષણ મળે તો બાળકો મોટા થઈને, સ્નાતક થઈને વિદ્યાપીઠમાંથી બહાર નીકળે ત્યારે તેમનું ઘડતર વિનયશીલ હોય અને તેઓ સમાજને વધુ ઉપયોગી થઈ શકે. આવા પ્રકારનું મૂલ્યનિષ્ઠ શિક્ષણ વિદ્યાર્થીઓને સ્કૂલોમાં આપવામાં આવે તો બાળકો મૂલ્યનિષ્ઠ શિક્ષણથી વધુ મૂલ્યવાન બને અને મૂલ્યોની મહેકથી પોતાના જીવનની સાથે સાથે સમાજને પણ મહેકતું બનાવી શકે. તેનાથી ભાવિ પેઢી વિનયી, ચારિત્યવાન અને મૂલ્યવાન બનશે તે નિઃશંક હકીકત છે.

બ્રહ્માકુમારી વિદ્યાલયે આ દિશામાં 'ટચ ધ લાઈટ'ના મૂલ્યનિષ્ઠ શિક્ષણના અભિયાનની શરૂઆત સ્કૂલોથી કરી દીધી છે. મિત્રો આપણા આ મૂલ્યનિષ્ઠ શિક્ષણ 'ટચ ધ લાઈટ'ના અભિયાનને દિલથી શુભકામનાઓ સાથે વધાવી લઈએ.

# કર્મનાં ઈષ્ટ અને અનિષ્ટ ફળ

ગત અંકમાં કુશળ કર્મના બંધનને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ કર્મનાં ઈષ્ટ અને અનિષ્ટ ફળની ચર્ચા કરે છે, તે સમજીએ.

ભારતીય દર્શન અનુસાર, મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું જ ફળ તેને પ્રાપ્ત થાય છે. ફળ સદાય કર્માનુસાર જ મળે છે - ભલે તે હમણાં મળે કે ભવિષ્યમાં, આ જન્મમાં મળે કે બીજા જન્મમાં. આને મનીષીઓ કર્મ સિદ્ધાંત તરીકે ઓળખે છે.

જ્યારે મનુષ્ય ધર્મસંમત, નિઃસ્વાર્થી અને સદ્ગુણથી ભરેલા કર્મ કરે છે ત્યારે તેના પરિણામ શુભ અને કલ્યાણકારી થાય છે. શારીરિક સુખ, આરોગ્ય, ઉન્નતિ, ધન અને સુવિધાઓ પ્રાપ્ત થાય છે. માનસિક શાંતિ, આત્મસંતોષ, પ્રસન્નતા અને મનની સ્થિરતા મળે છે. સમાજમાં આદર, પ્રેમ અને વિશ્વાસ મળે છે. આધ્યાત્મિક પ્રગતિ તરફ માર્ગ ખૂલે છે - વૈરાગ્ય, જ્ઞાન અને અંતે મોક્ષની પ્રાપ્તિ તરફ મુમુક્ષુ આગળ વધે છે.

ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિ ઈમાનદારીથી વેપાર કરે તો ધન ધીમે ધીમે મળે પરંતુ તે સ્થિર અને શાંતિદાયક રહે છે. સેવા, દાન અને સહાનુભૂતિથી કરેલું કાર્ય સમાજ અને આત્મા - બન્ને માટે કલ્યાણકારી સાબિત થાય છે.

એક મિત્રે તેના અનુભવનો પ્રસંગ વર્ણવતાં કહ્યું કે એક વખત એક ગરીબ વિદ્યાર્થી અમદાવાદમાં અભ્યાસ કરતો હતો. તેને ભોજન માટે પૂરતા પૈસા ન હતા. રોજ એક ભોજનાલયના માલિક તેને જોયા કરતા અને જાણ્યું કે આ વિદ્યાર્થી શાંત, સચ્ચરિત્ર અને ભણવામાં તત્પર છે. એક દિવસ માલિકે તેને



બોલાવ્યો અને કહ્યું - ''બેટા, તું ભણવા આવ્યો છે, ભૂખ્યો રહીશ તો અભ્યાસ કેવી રીતે થશે? તું દરરોજ અહીં આવીને નિઃશુલ્ક ભોજન કરજે.''

> કોઈ વ્યક્તિ ઈમાનદારીથી વેપાર કરે તો ધન ધીમે ધીમે મળે પરંતુ તે સ્થિર અને શાંતિદાયક રહે છે. સેવા, દાન અને સહાનુભૂતિથી કરેલું કાર્ય સમાજ અને આત્મા- બંને માટે કલ્યાણકારી સાબિત થાય છે

વર્ષો સુધી આ વિદ્યાર્થી ભોજનાલયના માલિકના આશીર્વાદરૂપે ભોજન કરતો રહ્યો. અંતે તેણે મહેનતથી અભ્યાસ પૂરો કર્યો, મોટો અધિકારી બન્યો. વર્ષો પછી એ જ વિદ્યાર્થીને ખબર પડી કે જે માલિકે તેને ભોજન આપ્યું હતું તેમના પુત્રને નોકરીની જરૂર છે. તેણે તરત જ પોતાના પ્રભાવથી તેના પુત્રને સારી નોકરી અપાવી.

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

આ પ્રસંગ બતાવે છે કે ભોજનાલયના માલિકનું એ શુભ કર્મ- ભૂખ્યા વિદ્યાર્થીને ભોજન કરાવવાનું- વર્ષો પછી તેના શુભ ફળસ્વરૂપે તેના પોતાના પરિવારને લાભકારક બન્યું. આમ કરેલું શુભ કર્મ ક્યારેય વ્યર્થ જતું નથી.

પણ જ્યારે મનુષ્ય અધર્મ, સ્વાર્થી, છેતરપિંડી, હિંસા કે અનૈતિક કર્મ કરે છે ત્યારે તેના પરિણામ દુઃખદાયક અને બંધનકારી બને છે. શારીરિક દુઃખ, રોગ, અસુરક્ષા અને નિષ્ફળતા મળે છે. માનસિક અશાંતિ, ભય, ગ્લાનિ, અસંતોષ અને અસુરક્ષા અનુભવાય છે. સમાજમાં અવમાનના, અપમાન અને એકલતા મળે છે. આધ્યાત્મિક પતન થાય છે - અજ્ઞાન, આસક્તિ અને પુનર્જન્મના બંધન સર્જાય છે.

ઉદાહરણ તરીકે કોઈ વેપારી છેતરપિંડીથી ધન કમાય છે તો થોડા સમય માટે ધન તો મળે છે પરંતુ મનની શાંતિ નાશ પામે છે અને અંતે અપયશ તથા નુકસાન ભોગવવું પડે છે. જો કોઈ પોતાના કર્તવ્યની અવગણના કરે - જેમ કે શિક્ષક શિક્ષણમાં બેદરકારી કરે અથવા ડૉક્ટર સારવારમાં ઢીલાશ કરે - તો તેનું ફળ સમાજમાં દુઃખ અને પોતાને ભવિષ્યમાં પણ પાપફળ મળે છે.

હસ્તિનાપુરના કૌરવોમાં સૌથી મોટો દુર્યોધન હતો. તેના મનમાં પાંડવો પ્રત્યે ભારે દ્વેષ હતો. લોભ અને અહંકારવશ તેણે અનેક અશુભ અને પાપ કર્મો કર્યાં. એટલું જ નહીં પણ પોતાના ભાઈ એવા પાંડવો પ્રત્યે હંમેશાં અધર્મ-કર્મ જ આચર્યું. જ્યારે તે અધર્મ અને પાપ આચરતો હતો ત્યારે તો મદ અને અહંકારમાં ચકચૂર હતો. તેણે પોતાની શક્તિ અને સહાયતાના આધારે ક્યારેય વિચાર્યું નહોતું કે મારે એક દિવસ આ પાપનું ફળ ભોગવવું પડશે પણ આખરે પાપનો ઘડો ભરાયો ને આ અશુભ કર્મોનું પરિણામ એ થયું કે દુર્યોધન સહિત સમગ્ર કૌરવકુળ વિનાશ પામ્યું. આમ, અશુભ કર્મોના અંતે અશુભ ફળ જ મળે છે - ભલે તે તુરંત ન મળે પણ સમય આવ્યે તે કોઈને છોડતું નથી.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે ''કર્મફળ પ્રદાતા ભગવાન છે. તેઓ આપણા કર્મનો બધો જ હિસાબ રાખે છે.

એટલા માટે ક્યારેય કોઈનું અહિત ન કરવું જોઈએ. મનથી પણ કોઈનું અહિત ન વિચારવું. મન, વચન અને કર્મથી ક્યારેય પણ કોઈનું ખરાબ ન કરવું, એ જ સાચો ધર્મ અને સર્વોચ્ચ પુણ્ય છે. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે બીજાના ભલામાં આપણું ભલું છે. અન્યને સુખ આપવામાં જ પોતાનું સુખ વસે છે. જો બધાં જ શુભ કર્મ કરે તો સમગ્ર પૃથ્વી અક્ષરધામ બની જાય.''